મિશન વાત્સલ્ય-૨૦૨૨ યોજના હેઠળના જિલ્લા કક્ષાએ કાર્યરત જિલ્લા બાળ સુરક્ષા એકમ, બાળ સંભાળ સંસ્થાઓ (વિશિષ્ટ દત્તક સંસ્થા, ઓપન શેલ્ટર હોમ, સ્પેશ્યલ હોમ, ઓબ્ઝર્વેશન હોમ, પ્લેસ ઓફ સેફ્ટી) તથા સી. ડબલ્યુ.સી અને જે. જે. બી ના કરાર આધારિત કર્મચારીઓની પસંદગી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MSC/e-file/17/2023/3012/CHH Section

સચિવાલય, ગાંધીનગર

તા.**/૦૧/૨૦૨૪

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય નવી દિલ્હીનો તા.૦૫/૦૭/૨૦૨૨ નો પત્ર ક્રમાંકD.O.No. CW-II-22/6/2022-CW-II(e-99580) તથા આ પત્ર સાથેની મિશન વાત્સલ્ય યોજનાની માર્ગદર્શિકા.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકFileNo.SJED/miscellaneous/e-file/2022/3077/CHH Section, તા. ૧૦/૦૪/૨૦૨૩.

(3) મુખ્ય કારોબારી અધિકારી ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના પત્ર ક્રમાંક :- GSCPS/ MVT/e-file/401/2023/0264/SARA , તા. ૨૦/૧/૨૦૨૪.

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) ની મિશન વાત્સલ્ય-૨૦૨૨ યોજનાની માર્ગદર્શિકાને વંચાણે લીધા ક્રમાંક (૨) થી સ્વીકારવામાં આવેલ છે. મિશન વાત્સલ્ય-૨૦૨૨ યોજના હેઠળના જિલ્લા કક્ષાએ કાર્યરત જિલ્લા બાળ સુરક્ષા એકમ, બાળ સંભાળ સંસ્થાઓ (વિશિષ્ટ દત્તક સંસ્થા, ઓપન શેલ્ટર હોમ, સ્પેશ્યલ હોમ, ઓબ્ઝર્વેશન હોમ, પ્લેસ ઓફ સેફ્ટી) તથા સી. ડબલ્યુ.સી અને જે. જે. બી ના કરાર આધારિત કર્મચારીઓની પસંદગી માટે સદરહુ માર્ગદર્શિકામાં જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને સમિતિની રચના કરવા અંગેનું સુચવેલ છે. પ્રસ્તુત સમિતિની રચના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીના ચેરમેન પદે કરવા માટે વંચાણે લીધા (૩) થી કરેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે મિશન વાત્સલ્ય-૨૦૨૨ યોજના હેઠળના જિલ્લા કક્ષાએ કાર્યરત જિલ્લા બાળ સુરક્ષા એકમ, બાળ સંભાળ સંસ્થાઓ (વિશિષ્ટ દત્તક સંસ્થા, ઓપન શેલ્ટર હોમ, સ્પેશ્યલ હોમ, ઓબ્ઝર્વેશન હોમ, પ્લેસ ઓફ સેફ્ટી) તથા સી. ડબલ્યુ.સી અને જે. જે. બી ના કરાર આધારિત કર્મચારીઓની પસંદગી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી | ચેરમેન |
| ૨. | જિલ્લા બાળ સુરક્ષા અધિકારી | સભ્ય સચિવ |
| ૩. | ચીફ ઓફિસર/પ્રોબેશન ઓફિસર, સમાજ સુરક્ષા | સભ્ય |
| ૪. | સરકારી/સ્વૈચ્છિક બાળ સંભાળ સંસ્થાના સુપ્રિન્ટેન્ડન્ટ/મંત્રી | સભ્ય |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ની ઈ-ફાઇલ પર મળેલ સંમતી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમ અને તેમના નામે.

eSign
Signed by: GAMETI PRAMESH MAGANBHAI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Jan-2024 (01:05 PM)

(પ્રમેશ ગામેતી)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, માન.રાજ્યપાલશ્રીનું કાર્યાલય, રાજ ભવન, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી,સા.ન્યા. અને અ. વિભાગ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ (નિયામકશ્રી સ.સુ. મારફતે)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સ.સુ. મારફતે)
- સર્વે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સ.સુ. મારફતે)
- સર્વે જિલ્લાની બાળ કલ્યાણ સમિતિઓ(નિયામકશ્રી સ.સુ. મારફતે)

- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સા.ન્યા. અને અ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૪


Open the document in Adobe Acrobat DC to verify the E-sign